Friday
02.02.2024
*Volume :8 * Issue No.191
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

બજેટ માત્ર વચગાળાનું બજેટ નથી, પરંતુ સર્વસમાવેશક અને નવીન બજેટ છે: પ્રધાનમંત્રી

"આ બજેટમાં સાતત્યનો વિશ્વાસ છે"

વિકસિત ભારતનું બજેટ વિકસિત ભારતનો પાયો મજબૂત કરવાની ખાતરી આપે છે:પ્રધાનમંત્રી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએઆજે રજૂથયેલા બજેટને "વચગાળાનું બજેટ જ નહીં, પણ સર્વસમાવેશક અને નવીન બજેટ" તરીકે બિરદાવ્યું હતું. પ્રધાનમંત્રી મોદીએભારપૂર્વક જણાવ્યુંહતું કે, "આ અંદાજપત્રમાં સાતત્યનો વિશ્વાસ છે." પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "આ બજેટ વિકસિત ભારતનાં તમામ આધારસ્તંભો –યુવાનો, ગરીબો, મહિલાઓ અને ખેડૂતોને સશક્ત બનાવશે." નાણામંત્રી નિર્મલા સીતારામનના વિઝનની પ્રશંસા કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, "નિર્મલાજીનું બજેટ દેશના ભવિષ્યના નિર્માણ માટેનું બજેટ છે."તેમણે વધુમાંઉમેર્યુ હતુંકે, "આ અંદાજપત્રમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનો પાયો મજબૂત કરવાની બાંયધરીઆપવામાંઆવી છે." પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "આ બજેટ યુવા ભારતની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે." તેમણે બજેટમાં લેવાયેલા બે મહત્ત્વપૂર્ણ નિર્ણયો પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, "સંશોધન અને નવીનીકરણમાટે રૂ. ૧ લાખ કરોડના ભંડોળની જાહેરાત કરવામાં આવી છે." આ ઉપરાંત તેમણે બજેટમાં સ્ટાર્ટઅપ્સ માટે કરમુક્તિના વિસ્તરણ પર પ્રકાશ પાડ્યો હતો. રાજકોષીય ખાધને નિયંત્રણમાં રાખીને પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, આ બજેટમાં કુલ ખર્ચ વધીને રૂ. ૧૧,૧૧,૧૧૧ કરોડ થયો છે. "અર્થશાસ્ત્રીઓની ભાષામાં, પીએમ મોદીએ કહ્યું, "આ એક પ્રકારનું સ્વીટ સ્પોટ છે". તેમણે ઉમેર્યું હતું કે, તેનાથી ભારતમાં ૨૧મી સદીનું આધુનિક માળખું ઊભું થવાની સાથે યુવાનો માટે રોજગારીની લાખો નવી તકોનું સર્જન થશે.

તેમણે વંદે ભારત સ્ટાન્ડર્ડની ૪૦,૦૦૦ આધુનિક બોગીઓનું ઉત્પાદન કરવાની અને તેને સામાન્ય પેસેન્જર ટ્રેનોમાં સ્થાપિત કરવાની જાહેરાત વિશેપણ માહિતી આપી હતી, જે દેશના વિવિધ રેલ માર્ગો પર કરોડો મુસાફરોની આરામદાયક અને મુસાફરીનો અનુભવ વધારશે. મહત્વાકાંક્ષી લક્ષ્યો નક્કી કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, "અમે એક મોટું લક્ષ્ય નક્કીકરીએછીએ, તેને પ્રાપ્ત કરીએ છીએઅને પછીપોતાના માટે આનાથી પણ મોટું લક્ષ્ય નક્કી કરીએછીએ."ગરીબ અને મધ્યમ વર્ગના કલ્યાણ માટે સરકારનાં પ્રયાસોનો ઉલ્લેખ કરીને તેમણે

"આ બજેટ યુવા ભારતની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે"

"બજેટમાં ગરીબો અને મધ્યમ વર્ગના સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે"

"અમે એક મોટું લક્ષ્ય નક્કી કર્યું છે, તેને પ્રાપ્ત કર્યું છે, અને પછી અમારા માટે તેનાથી પણ મોટું લક્ષ્ય નક્કી કર્યું છે"

ગામડાં અને શહેરોમાં ૪ કરોડથી વધારે મકાનોનુંનિર્માણ કરવા તથા વધુ ૨ કરોડ મકાનોનું નિર્માણ કરવાનો લક્ષ્યાંક વધારવાની જાણકારી આપી હતી. મહિલાઓના સશક્તિકરણ પર ભાર મૂકતા પીએમ મોદીએ કહ્યું કે, "અમારું લક્ષ્ય મહિલાઓમાં ૨ કરોડ 'લખપતિ' બનાવવાનું હતું. હવે, ૩ કરોડ 'લખપતિ'બનાવવાનું આ લક્ષ્ય વધારવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ આયુષ્માન ભારત યોજનાનાં ગરીબો માટે નોંધપાત્ર સહાય કરવા, આંગણવાડી અને આશાકાર્યકર્તાઓનેઆ યોજનાનાં લાભ આપવાબદલ તેનીપ્રશંસા કરી હતી. પીએમ મોદીએઆ બજેટમાં ગરીબ અને મધ્યમ વર્ગને તેમના માટે નવી તકો ઉભી કરીને તેમને સશક્ત બનાવવા પર સરકારના ભાર પર ભાર મૂક્યો હતો. તેમણે રૂફટોપસોલર કેમ્પેઈનનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં૧ કરોડ પરિવારો નિઃશુલ્ક વીજળીનો લાભ લેશે, ત્યારે સરકારને વધારાની વીજળી વેચીને દર વર્ષે રૂ. ૧૫,૦૦૦થી રૂ. ૧૮,૦૦૦નીઆવક પણ મેળવે છે. પ્રધાનમંત્રીએ આજે જાહેર થયેલી આવકવેરા માફીયોજનાનો ઉલ્લેખ કર્યો હતો,જે મધ્યમવર્ગનાં આશરે ૧ કરોડ નાગરિકોને રાહત પ્રદાન કરશે. અંદાજપત્રમાં ખેડૂતોનાં કલ્યાણ માટે લેવાયેલાં મુખ્ય નિર્ણયો વિશે બોલતાં શ્રી મોદીએ નેનો ડીએપીનાં ઉપયોગ, પશુઓ માટે નવી યોજના, પ્રધાનમંત્રી મત્સ્ય સંપદાયોજનાનાં વિસ્તરણ અને આત્મનિર્ભર ઓઈલ સીડ અભિયાનનોઉલ્લેખ કર્યો હતો, જે ખેડૂતોની આવકમાં વધારો કરશે અને ખર્ચમાં ઘટાડો કરશે. પ્રધાનમંત્રીએ ઐતિહાસિક બજેટ પર તમામ નાગરિકોને શુભેચ્છા પાઠવીને પોતાનું સંબોધન પૂરું કર્યું હતું.

પ્રજાના હિતમાં સમયની માંગ મુજબ ગણોતસહિતના કાયદાઓમાં સુધારા કરવા જરૂરી : મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત

સી.એસ.આર.માં એકત્રિતફંડ દ્વારા લોકોપયોગી સખાવતી પ્રવૃત્તિઓ વધુ વિક્સે તેવા ઉમદા હેતુથી કાયદામાં સુધારા કરાયા

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા)વિધેયક વિધાનસભામાં સર્વાનુમતે પસાર

કમલમ્ ન્યુઝ,

વિધાન સભાખાતેમહેસૂલ વિભાગનોહવાલો ધરાવતામંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળીરાજય સરકારપ્રજાના હિતમાં સમયની માંગ મુજબ ગણોતસહિત કાયદાઓમાં સુધારા કરી રહી છે. સી.એસ.આર.માં એકત્રિત ફંડ દ્વારા લોકોપયોગી સખાવતી પ્રવૃત્તિઓ વધુ વિક્સેતેવા ઉમદા હેતુથી ગુજરાત ગણોત વહીવટ અને ખેતીનીજમીન કાયદા (સુધારા)વિધેયકમાંજરૂરી સુધારા કરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ બિલમાં સુધારા અંગેની વિગતો આપતાં કહ્યુંહતું કે, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮નીકલમ ૬૩ એસી, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯નીકલમ ૫૪-બી તેમજ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીનીજમીન કે જે વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર અધિનિયમ, ૧૯૫૮નીકલમ ૮૯ સી માં પણ સમાન રીતે લાગુ પડશે.આ વિધેયકની કલમ-૨,૩,૪માં ઉલ્લેખિત કલમો ૬૩-એસી, ૫૪-બી, ૮૯-સીની જોગવાઈઓ મુજબ ફકત બિનખેતીની અરજી કરવાની સમયમર્યાદામાં સુધારો કરવા આ બિલ પસાર કરાયું છે. આથી આ કાયદાના મૂળ હાર્દમાંકોઈ ફેરફાર થતો નથી તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. તેમણે કહ્યું હતું કે, કોઈ સખાવતી પ્રવૃતિ કરતી શૈક્ષણિક સંસ્થાઓ, ચેરીટેબલ ટ્રસ્ટો કે સામાજિક સંસ્થાઓજ્યારે જમીન ખરીદે છે ત્યારે એમને એ ખબર નથી હોતી કે કલમ ૬૩ હેઠળ પરવાનગી લેવાની રહે છે કે કેમ? બિનખેતી પરવાનગી મેળવવાની હોઈ છે કે કેમ? આવી સંસ્થાઓ મહેસૂલી કાયદાઓથી પરિચિત હોઈ એવુ નથી હોતુ.આવી સંસ્થાઓ તો સમાજના લોકોના દાન-ફાળા-ફંડ પર આધારિત હોય છે. જ્યારે આ ફંડ ઉપલબ્ધ થાય ત્યારે આવી સંસ્થાઓ વિકાસના કામોકરે છે.જેથીબિનખેતી કરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ હોય તેને પાછળની અસરથીપરવાનગી મળી શકતી નથી. બિનખેતીની પરવાનગી સમયમર્યાદામાં ન મળવાના કારણે તેમના પ્રશ્નોમાં વધારો થાય છે. જેનું નિરાકરણ લાવવા આ સંસ્થાઓની બિનખેતીની અરજી કરવાની સમયમર્યાદામાં સુધારો કરતું બિલ પસાર કરવામાં આવ્યુ છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત ગણોત કાયદાની કલમ ૬૩-એસી હેઠળ સખાવતી હેતુ માટે નોંધાયેલ પબ્લિક ટ્રસ્ટ અને કંપની દ્વારા તા.૩૦/૦૬/૨૦૧૫ કે તે પહેલા ખરીદેલ જમીન બિનખેતી કરવા માટેની અરજી કરવાની તા.૨૮/૦૮/૨૦૨૦નાબદલે "સરકાર વખતો વખત ઠરાવે તે મુજબ" નો સુધારો કરવા માટેનું બિલવિધાનસભામાં પસાર કરવામાંઆવ્યું છે. અમારી સરકાર આવી ત્યારથી મહેસૂલ વિભાગના જૂના કાયદાઓ કે જેનાથકી પ્રજાને હેરાનગતિ કે વિલંબનોસામનો કરવો પડેઅથવાસમયની જરૂરિયાત પ્રમાણે કાયદામાંસુધારો કરવો પડે તેવા કાયદાઓમાંવિવિધ પ્રજાલક્ષી વ્યાપકસુધારાઓ કર્યાછે. આપણા હાલના દૂરંદેશી અને લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેઓએ ગુજરાતમાં સખાવતીસંસ્થાઓની પ્રવૃત્તિઓને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું હતું કારણ કે સખાવતી પ્રવૃત્તિઓ એ રામરાજયની ભાવનાને ખૂબ સારી રીતે ચરિતાર્થ કરે છે. મંત્રીશ્રીરાજપૂતે જણાવ્યુંહતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાહકારાત્મક વિકાસશીલ પગલાઓના પરિણામે ગુજરાતમાં ઉદ્યોગોનો ખૂબ જ વિકાસથયો છે. તેના ફળસ્વરૂપે ઉદ્યોગો સી.એસ.આર. એક્ટીવીટી હેઠળ સારૂ એવું ભંડોળ જે તે સખાવતી સંસ્થાઓને દર વર્ષે ફાળવતી હોય છે જેથી સખાવતી પ્રવૃત્તિઓ વિકસી રહી છે જેનો સીધો લાભ સામાન્ય પ્રજાને મળી રહ્યો છે. સ્વામિનારાયણ સર્વોપરી સિધ્ધાંત દિગ્વિજય ટ્રસ્ટ-ગાંધીનગર, સ્થાનકવાસીજૈન સંઘ-મેમનગર, ગુરૂકુળ વિદ્યાશ્રમ ટ્રસ્ટ-ઘુમા, અમૃત એજ્યુકેશન ટ્રસ્ટ-મોરૈયા, વલ્લભ માનવોધ્ધારક મંડલ-અનાવલ ઈસનપુર જેવીસખાવતી સંસ્થાઓ શૈક્ષણિક અને સેવાકિય ક્ષેત્રે ખૂબ જ સુંદર કામગીરી કરી રહી છે. તેમણે કહ્યુંહતું કે,

મુખ્યમંત્રી અને ગૃહના નેતા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ વધુને વધુ સુધારા કરીને મહેસૂલ વહીવટને વધુમાં વધુ પારદર્શક બનાવ્યો છે. ગુજરાતના ખેડૂતો અને સમગ્ર રાજ્યનીપ્રજાને વધુને વધુ ઉપયોગી થાય છે. મહેસૂલ વિભાગના અમુક કાયદાઓ અંગ્રેજો અને રાજાશાહી વખતના છે. એવાજૂના કાયદાઓ જેને અત્યારનાબદલાતાસમયમાં બદલવા જરૂરી છે. જે બદલવાથી લોકોને હાડમારી ઓછી થાય,પારદર્શકતા આવેઅને લોકોને ફાયદો થાય એ માટે આજે અમે આ બિલથીજરૂરી સુધારો સૂચવ્યો છે. જેમાંકલમ-૨ :ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮નીકલમ ૬૩ એસી,કલમ-૩ : સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪-બી તેમજકલમ-૪ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯-સીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સખાવતી હેતુમાટે ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ-૧૯૫૦ હેઠળ નોંધાયેલ પબ્લીક ટ્રસ્ટ અથાવા સખાવતી પ્રવૃતિઓને ઉત્તેજન આપવાના ઉદ્દેશ્યથી કંપની એકટ-૨૦૧૩ હેઠળ નોંધાયેલ કંપનીએ કલમ-૬૩(૧)ની જોગવાઈનો અમલ નહીકરીને તા.૩૦/૦૬/૨૦૧૫ કે તે પહેલા ખેતીની જમીન ખરીદી હોય તેવી સંસ્થાઓએ સુધારેલ અધિનિયમ નં.૨૮/૨૦૧૫ અમલમા આવ્યાની તારીખથી છ માસમાં પ્રવર્તમાન કૃષિ જંત્રીના ૨૫% રકમ લઈને બિનખેતીની માટે રૂપાંતર કરવા અરજીશકશે તેમુજબની જોગવાઈ કરવામાં આવેલ હતી. ત્યારબાદ સુધારા અધિનિયમ નં. ૧૮/૨૦૧૯થી આવી સંસ્થાઓ કે જે ધાર્મિક, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રમાં કાર્યરત હોય, સખાવતી કાર્ય કરતી હોય તેવી સંસ્થાઓ માટે સુધારા કાયદો નં.૧૮/૨૦૧૯ અમલમાં આવ્યાના ૦૧-વર્ષ સુધી બિનખેતીના હેતુમાટે અરજી કરી શકશે અને જંત્રીના ૨૫%ને બદલે ૧૦% મુજબની રકમ વસુલવાની રહેશેતે મુજબનો સુધારો કરવામાં આવ્યો હતો. લોકોની લાગણીઓને ધ્યાને રાખીને આસુધારા કાયદાની જોગવાઈ મુજબ આવી સંસ્થાઓને બિનખેતીના હેતુ માટે અરજી કરવાની તા.૨૯/૦૮/૨૦૧૯ થી તા.૨૮/૦૮/૨૦૨૦ સુધી એટલે કે ૦૧ વર્ષની હતી. પરંતુ વિવિધ કારણોસર આસમયમર્યાદામાં આ સંસ્થાઓએ અરજી કરી શકી ન હતી. આમુદ્દતમાંએટલેકે તા.૩૦/૦૬/૨૦૧૫ કે તે પહેલા ખેતીની જમીન ખરીદી હોય તેવી સંસ્થા/કંપની દ્વારા બિનખેતી અરજી કરવાની સમય મર્યાદામાં વધારો કરવા માટેરાજ્યની અલગ-અલગ સખાવતી સંસ્થાઓએ રજૂઆત સંદર્ભે હકારાત્મકતા દાખવી આ વિધેયક પસાર કરવામાં આવ્યું છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રીશ્રી રાજપૂતે આસુધારા ઉદ્દેશ્ય વિશે કહ્યું હતું કે, તા.૩૦/૦૬/૨૦૧૫ કે તે પહેલા કલમ-૬૩(૧)નો ભંગ કરીને સંસ્થા/કંપની દ્વારા ખરીદેલ ખેતીની જમીનોચેરીટીના ઉદ્દેશથી કામ/સેવા કરતી સંસ્થા ધર્માદા ફંડ પર આધારિતરહેતી હોય છે. તેથી સંસ્થાએ જમીન બિનખેતી કરાવ્યા બાદ બાંધકામવિગેરે કરવામાટે તેનુ આર્થિક આયોજન પણ ધ્યાનમાં લેવાનુ રહે છે.આમ, કલમ ૬૩-એસીહેઠળની ચેરીટીસંસ્થાઓ માટે કરેલી આ જોગવાઈ જમીનની બિનખેતીની મુદત સાથે સંબંધિત હોવાથી મુદત વધારો આપી શકાય.જેથી નિયત કરેલ રકમ ભરીને આવી સંસ્થાઓ બિનખેતી કરાવી શકે અને સખાવતી ઉદ્દેશો-કાર્યો આગળ વધારી શકે જે અનુસંધાને બિનખેતીની અરજી કરવાની સમયમર્યાદા સરકારશ્રી વખતોવખત ઠરાવે તે મુજબનો કાયદામાં સુધારો કરવા માટે આ સુધારા બિલ રજુ કરવામાં આવ્યું હતું. ગુજરાત ગણોત વહીવટઅને ખેતીની જમીન કાયદા (સુધારા)વિધેયક વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

૧૫ મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના આરંભે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું ગૃહમાં સંબોધન

'ગુજરાત' એ ચાર અક્ષરનો બનેલો શબ્દ માત્ર નથી, લાખો-કરોડો લોકોના સપનાં સાકાર કરવાનું સ્થળ છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



૧૦ મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિકસિત ભારત @2047 માટેના લક્ષ્યાંકો સિદ્ધ કરવા સીમાચિહ્નરૂપ બની રહેશે

કમલમ્ ન્યુઝ,

'ગુજરાત' એ ચાર અક્ષરનો બનેલો શબ્દ માત્ર નથી, લાખો-કરોડો લોકોના સપનાં સાકાર કરવાનું સ્થળ છે, અને આ બે દાયકા પૂર્વે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીએ 'સૌનો સાથ સૌનો વિકાસ'ના મંત્ર સાથે આરંભેલી વિકાસયાત્રાનું પરિણામ છે, એમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે વિધાનસભા ગૃહને સંબોધતાં કહ્યું હતું. ૧૫ મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના આરંભે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૃહમાં સંબોધન કર્યું હતું. તેમણે કહ્યુંકે, બે દાયકા પહેલાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સ્વરૂપે વવાયેલું બીજ આજે વિશાળ વાઈબ્રન્ટ વટવૃક્ષ બની ગયું છે. 'ગેટવે ટુ ધ ફ્યુચર' થીમ સાથે અભૂતપૂર્વસફળતાપૂર્વક યોજાયેલી ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિકસિત ભારતજ ૨૦૪૭ માટે રાજ્યનારોડમેપના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે સીમાચિહ્નરૂપ બની રહેશે. રાજ્ય સરકારે હંમેશા મહિલા કેન્દ્રિત વિકાસને પ્રોત્સાહન આપ્યું છે. નારીશક્તિ વંદન અધિનિયમના ઐતિહાસિક કાયદાથી મહિલા સશક્તિકરણને વધુ વેગ મળશે. રાજકીય ક્ષેત્રે મહિલાઓ વધુ મોટી જવાબદારી નિભાવવા સક્ષમ બનશે અને મહિલાઓ સ્ત્રી સશક્તિકરણ નીતિઓ ઘડવામાં યોગદાન આપી શકશે. રાજ્યપાલશ્રીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ભારતવાસીઓ માટે સમૃદ્ધિના દ્વાર ઉઘાડનારકદમ ગણાવીને કહ્યું હતું કે, સંકલ્પએ સફળતામાટેનું પ્રથમ પગથિયું છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'પી.એમ. મિત્ર પાર્ક (મેગા ઈન્ટિગ્રેટેડ ટેકસટાઈલ્સ રિજિયન એન્ડ એપરલ પાર્ક) વિશે બોલતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, દેશના સાત રાજ્યોમાં સ્થપાનારા આ પાર્ક પૈકી ગુજરાતમાં નવસારીના વાસીબોરસીમાં ૧૧૪૧ એકરમાં પી.એમ.મિત્ર પાર્કનાનિર્માણ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે એમ.ઓ.યુ. થયા છે. આ પાર્કમાં એક જ છત્ર હેઠળ સ્પિનિંગથી લઈને ગાર્મેન્ટ મેન્યુફેકચરિંગ સુધીની ટેકસટાઈલ્સ વેલ્યુ ચેઈન ઉભી થશે અને પ્લગએન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે. દવાઓના ઉત્પાદનખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરવા અને દવાઓના પરીક્ષણથી લઈને પ્રોડકશન માટેની માળખાકીય સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય એ હેતુથી ગુજરાત સરકારે ભરૂચ જિલ્લાના જંબુસરમાં ૮૧૫.૪૪ હેકટર વિસ્તારમાં બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવા માટે ભારત સરકાર પાસેથી સૈદ્ધાંતિક મંજૂરી મેળવી લીધી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતુંકે, સમગ્રદેશમાં ગુજરાત એક એવું રાજ્ય છે જ્યાં કૃષિ અને ઉદ્યોગનો વિકાસદર એક સાથે તાલ મિલાવી રહ્યો છે. ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિને વેગ મળે એ હેતુથી ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં વિશેષ સંશોધનો, શિક્ષણ અને વિસ્તરણ માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીની પણ સ્થાપના કરવામાં આવી છે એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાતના સ્થાપના દિવસ; ૧લી મે, ૨૦૨૩ થી પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધુ વેગવાન બનાવીને ૨૩લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની તાલીમ આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં અત્યારે ૯ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માનવીય સંવેદનાથી ધબકતી, આર્થિક પ્રગતિ અને માનવશક્તિના વિકાસને વરેલી રાજ્ય સરકાર સામાન્ય માનવીની સર્વાંગી સુખાકારી, પાયાની જરૂરિયાતોની પૂર્તિ અને રાજ્યની વિકાસયાત્રામાં તમામ નાગરિકોની ભાગીદારીના ધ્યેય સાથે સતત કાર્યરત છે. ગુજરાતના સામાન્ય પ્રજાજનને રાજ્યના વિકાસની અનુભૂતિ થઈ રહી છે. સરકાર તેઓની પડખે છે એવો અહેસાસ પ્રજાને થાય તેવું દાયિત્વરાજ્ય સરકારે નિભાવ્યું છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે અને તેને વધુમજબૂત બનાવવાની આપણા સૌનીજવાબદારી છે.

તંત્રી સ્થાનેથી......

ધી ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ – ૨૦૦૩ની જોગવાઈઓઅનુસાર જિલ્લામાંઆવેલા ઈમરજન્સીઓપરેશન સેન્ટર જિલ્લાની કાયદોઅને વ્યવસ્થાની પરિસ્થિતિ તથાઆકસ્મિક ઔદ્યોગિક આગ-અકસ્માતહોનારતો, આતંકવાદી પ્રવૃત્તિઓ, પુર વાવાઝોડુ-ચક્રવાત અને ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓમાં સમયસર આગોતરા બચાવ-રાહત સલામતી અંગેના પૂર્વોત્તર પગલા લઈ શકાય અને ધાર્મિક તહેવારોની ઉજવણી જિલ્લાના પ્રજાજનો સુરક્ષિત અને સલામત રીતે કરી શકે તે માટે કુદરતી-કૃત્રિમ અનિચ્છનીય બનાવો ઉપર ચાંપતી નજર રાખવા તથા જિલ્લાની રોજ બરોજની બનતી ઘટનાઓ અંગે તકેદારી રાખવા અને સરકાર સાથે સતત સંપર્કમાં રહી કોઈ અઘટિત બનાવ ન બને તે માટે તેમજ આકસ્મિક બનાવો સંબંધે વહીવટી તંત્ર તુરંત જ નાગરિકોની મદદ કરી શકે તેમાટે તથાસંદેશા વ્યવહારની જાણ સંબંધિત અધિકારીઓને કરી શકે અને તેમના તરફથી મળતી સૂચનાઓ મુજબ કામગીરી કરવા કંટ્રોલરૂમ રાઉન્ડ ધી કલોક સતત ચાલુ રહે તે માટે જિલ્લામાં આવેલી રાજ્યકક્ષાની કચેરીના કર્મચારીઓ તથા પંચાયત હસ્તકના અને સરકારશ્રીના તાબા હેઠળના બોર્ડ નિગમોના વર્ગ ૩ના કર્મચારીઓનો ડિઝાસ્ટરકંટ્રોલરૂમ ખાતેફરજ બજાવવાહુકમ કરવામાં આવે છે. આ સમયે કર્મચારીઓએ શું કામગીરી કરવી, કંટ્રોલ ડ્યુટી પ્રોટોકોલ, ક્વીક રિસ્પોન્સ મિકેનીઝમ અંગે પાયાની માહિતી તેમજ આપત્તિની પરિસ્થિતિમાં ક્વીક રિસ્પોન્સ મળી શકે તથા કઈ આપત્તિ સમયે કયા સંબંધિત અધિકારીને જાણ કરવી તે બાબતે કંટ્રોલ ડ્યુટી પ્રોટોકોલથી કર્મચારીઓઅવગત થઈશકે તેમાટે આતાલીમનું આયોજન કરવામાંઆવ્યું હતું વલસાડ તાલુકાની વિવિધ કચેરીઓમાંફરજ બજાવતા કર્મચારીઓને તા. ૫ અને ૬ ફેબ્રુઆરીનારોજ સવારે ૧૧ થીબપોરે ૨ કલાકસુધી કલેકટર કચેરીના બીજા માળે સભાખંડમાંતાલીમ આપવામાં આવશે. જ્યારે તાલુકા લેવલની તાલીમમાં આગ, ભૂકંપ અને રેલ જેવી આપત્તિઓ સમયે સ્વબચાવ અને અન્યની પ્રાથમિક સારવાર સહિતની તાલીમ આપવામાંઆવશે. જે મુજબ પારડીતાલુકામાં પ્રાંતકચેરી સ્ટાફ, મામલતદાર કચેરી સ્ટાફ અને તાલુકાપંચાયત સ્ટાફનાગ્રુપ માટે તા. ૭ ફેબ્રુ.ના રોજ બપોરે ૩ થીસાંજે ૫-૩૦ કલાક સુધીપારડી મામલતદાર કચેરીના સભાખંડમાં, કપરાડા તાલુકામાંમામલતદાર કચેરીઅને તાલુકા પંચાયતનાસ્ટાફ માટે મામલતદાર કચેરીનાસભાખંડમાંતા. ૮ ફેબ્રુ.ના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ કલાક, ધરમપુર તાલુકામાં પ્રાંત કચેરી સ્ટાફ, મામલતદાર કચેરી સ્ટાફ અને તાલુકા પંચાયતના સ્ટાફ માટે મામલતદાર કચેરીના સભાખંડમાં તા. ૯ ફેબ્રુ.ના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ કલાક, ઉમરગામ તાલુકામાં મામલતદાર કચેરી અને તાલુકા પંચાયતના સ્ટાફ માટે તાલુકાપંચાયતના સભાખંડમાં તા. ૨૭ ફેબ્રુ.ના રોજ બપોરે ૩ થીસાંજે ૫-૩૦કલાક અને વાપી તાલુકાના કર્મીઓ માટે મામલતદાર કચેરીના સભાખંડમાં તા. ૨૮ ફેબ્રુ.ના રોજ બપોરે ૩ થી ૫-૩૦ વાગ્યાસુધીતાલીમનું આયોજન કરવામાંઆવ્યું છે. જેનો લાભ લેવા કર્મચારીઓને નિવાસી અધિક કલેકટરે અખબારીયાદીમાં જણાવાયું છે.

પાંચ તાલુકા મથકોએ પણ ખેડૂતો માટે વેચાણ કેન્દ્રો ઉભા કરાયા

કમલમ્ ન્યુઝ,મોરબી

પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, આત્માની કચેરી દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તથા ખેતી ખર્ચમાં ઘટાડો થાય અને ઉત્પાદનમાં વધારો થાય તથા ખેડૂતોની આવક બમણી થાય તે માટે પ્રાકૃતિક કૃષિ અભિયાન હાથધરવામાં આવેલું છે. જે અંતર્ગત પ્રાકૃતિકકૃષિકરતાખેડૂતોને પ્રોત્સાહન મળેતથા વેચાણ વ્યવસ્થા ઉભીથાય અને ગ્રાહકોને ઝેર મુક્ત શાકભાજી, અનાજ, કઠોળ વિગેરે મળી રહે તેવા ઉમદા હેતુથી 'પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેન્દ્ર' જિલ્લા પંચાયતકચેરી કમ્પાઉન્ડ, મોરબી ખાતેમોરબી ૦જિલ્લા વિકાસઅધિકારીશ્રી ડી.ડી જાડેજાના વરદહસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ વેચાણ કેન્દ્ર અઠવાડીયામાંદર ગુરુવારે એક દિવસઉભું કરવામાં આવશે. આ પ્રાકૃતિક કૃષિ પેદાશવેચાણ કેંદ્ર મોરબી જિલ્લાના દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો કે જેઓ કોઈ પણ પ્રકારના રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓના વપરાશ વગર ઉત્પન્ન કરેલ શાકભાજી, મસાલા, ફળપાકો, કઠોળપાકો વિગેરે પેદાશોનું સીધુ વેચાણ કરી શકે તેના માટે શરૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પાંચ તાલુકામાં તાલુકામથકોએ પણ આ પ્રકારના વેચાણ કેન્દ્રો ઉભા કરવામાંઆવ્યા છે. આ વેચાણ કેંદ્રનો નાગરિકોને લાભ લેવા મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અનુરોધકર્યો હતો. આપ્રસંગેઅને જિલ્લાપંચાયતપ્રમુખ શ્રીમતી હંસાબેન પારેઘી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા આવેલ ખેડૂતની મુલાકાત કરી તેમજ ખેડૂતોને પોત્સાહિત કરવા માટે ફળ, શાકભાજી અને કઠોળની ખરીદી કરવામાંઆવી હતી.

ઉદ્યોગસાહસિકતા, જીવન જીવવાની સરળતા અને તેમના માટે ગૌરવ દ્વારા મહિલાઓના સશકતીકરણને વેગ મળ્યો છે: નાણાં મંત્રી

ગ્રામીણ વિસ્તારોમાં પીએમ આવાસ યોજના હેઠળ ૭૦ ટકાથી વધુ મકાનો મહિલાઓને એકમાત્ર અથવા સંયુક્ત માલિક તરીકે આપવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,

જ્યારે કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોનાં મંત્રી શ્રીમતી નિર્મલાસીતારામનઆજે સંસદમાં વચગાળાનું બજેટ ૨૦૨૪-૨૫ રજૂ કરતાંજણાવ્યું હતું કે, આ દસ વર્ષમાં ઉદ્યોગસાહસિકતા, જીવન જીવવાની સરળતા અને સન્માન મારફતે મહિલાઓનું સશક્તીકરણ વેગ પકડ્યુંછે. તેમણે જણાવ્યું હતુ કે, મહિલા ઉદ્યોગસાહસિકોને ૩૦ કરોડ રૂપિયાનીમુદ્રા યોજના લોન આપવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણમાંમહિલાઓની નોંધણીમાં દસવર્ષમાં અઠ્ઠાવીસટકાનો વધારો થયો છે. સ્ટેમ (STEM) અભ્યાસક્રમોમાં, છોકરીઓ અને મહિલાઓની નોંધણીમાં તેતાલીસ ટકા હિસ્સો છે - જે વિશ્વમાં સૌથી વધુ નોંધણીઓમાંની એક છે. આ તમામ પગલાં કાર્યબળમાં મહિલાઓની વધતી જતી ભાગીદારીમાં પ્રતિબિંબિત થઈ રહ્યા છે. નાણાં મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, 'ટ્રિપલ તલાક'ને ગેરકાયદેસર બનાવવાથી, લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાંમહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવી અને ગ્રામીણ વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૭૦ ટકાથી વધારે મકાનો મહિલાઓને એકમાત્ર કે સંયુક્ત માલિક તરીકે આપવાથી તેમની ગરિમા વધી છે. નાણામંત્રીએ કહ્યું કે આપણા પ્રધાનમંત્રી દ્રઢતાપૂર્વક માને છે કે, આપણે ચાર મુખ્ય જાતિઓ પર ધ્યાન આપવાની જરૂર છે. "તેઓછે, 'ગરીબ' (નબળું), 'મહીલાયેન'(મહિલાઓ), 'યુવા' (યુવા) અને 'અન્નદાતા'(ખેડૂત). તેમની જરૂરિયાતો, તેમની આકાંક્ષાઓ અને તેમનું કલ્યાણ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે." તેમણે કહ્યું હતું કે, દેશ પ્રગતિ કરે છે, જ્યારે તેઓ પ્રગતિ કરે છે. ચારેયને તેમના જીવનને વધુ સારું બનાવવા માટે સરકારી સહાયની જરૂર છે અને પ્રાપ્ત થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમનું સશક્તીકરણ અનેસુખાકારી દેશને આગળ વધારશે.

આહવાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજખાતે "તમાકુ નિયંત્રણ" અંગેનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

મોરબીના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોની પેદાશોના વેચાણ માટે મોરબી જિલ્લા પંચાયત ખાતે 'પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનો શુભારંભ કરાયો

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

સરકારી વિનયન અને વાણિજય કોલેજ-આહવા દ્વારા કોલેજના NSS વિભાગ અને જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના સંયુક્ત ઉપક્રમે, "તમાકુ નિયંત્રણ" અંગેનો જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમા અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. હિમાશું ગામીતના માર્ગદર્શન હેઠળ, NTCP સોશિયલ વર્કરશ્રીમતી રસીલાબેન ચૌધરીએ, દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી તમાકુના સેવનથીથતા રોગો, અને નુકશાન વિશે વિસ્તૃત માહિતી પુરી પાડી, વિદ્યાર્થીઓને વ્યસનથી મુક્ત થવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.કોલેજનાઆચાર્યશ્રીડૉ.યુ.કે. ગાંગુર્ડે દ્વારા પણ વિદ્યાર્થીઓમાં વ્યસનથી થતા રોગો વિશે માહિતી આપવામાં આવી હતી. આ સાથે જ અહિં કોલેજનામેઈન ગેટ ઉપર તમાકુના સેવન પર પ્રતિબંધ અને તમાકુના સેવનથી મુક્ત સંસ્થાનું બોર્ડ પણ લગાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ૩૨૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એન. એસ. એસ. ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ જયેશભાઈ ગાવિત તથા પ્રા.ઉમેશભાઈ હડસ દ્વારા કરવામાઆવ્યુ હતું.

મોડાસાશહેરભાજપ દ્વારા પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનોરજીસ્ટ્રેશન કેમ્પ યોજાયો

કમલમ્ ન્યુઝ,

અરવલ્લી જિલ્લામાં મોડાસા શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા કારીગરો, હસ્તકલાના કારીગરો, વગેરેને પોતાના ધંધામાં આગળ વધે તે હેતુથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂકરવામાં આવેલ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનું રજીસ્ટ્રેશન કેમ્પ આજરોજ ટાઉન હોલ ખાતે રાખવામાંઆવેલ.

જેમાં આ યોજના વિશે ભાજપ જિલ્લાપ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ અને શહેર પ્રમુખ રણધીરભાઈ ચુડગર દ્વારા આપવામાં આવી હતી. આ યોજનાનોલાભ લઈકારીગર વર્ગ પોતાના ધંધાનોવિકાસકરે અને તેને યોગ્ય સાધન મળે તે હેતુથી તમામ વર્ગોને લાભ લે તે માટે શહેર સંગઠન દ્વારા ભારે જહેમત ઉઠાવવામાંઆવી હતી. આ કેમ્પમાં મોડાસા શહેર મહામંત્રી કિશોરભાઈ જોષી, શહેર ઉપપ્રમુખ અશોકભાઈ શ્રોફ, નગર પાલિકા પ્રમુખ નીરજભાઈશેઠ, કોર્પોરેટર જલ્પાબેન ભાવસાર, પ્રિયંકભાઈ પટેલવગેરે હાજર રહ્યા હતા.

ડાંગ જિલ્લામાં એલીમીનેશન ઓફ લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ અંતર્ગત સામુહિક દવા વિતરણ કાર્યક્રમ યોજાશે

વઘઇ તાલુકામા તા.૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન સામૂહિક દવા વિતરણ કાર્યક્રમ કાર્યક્રમ યોજાશે :

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

એલીમીનેશન ઓફ લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ અંતર્ગત ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં ફાઈલેરિયા નિર્મુલન અંગેનો લક્ષ્યાંક નક્કી કરવામા આવેલ છે. જે કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ૯૭ ગામોના કુલ ૮૯૭૮૩ લોકોને DEC અને આલ્બેન્ડાઝોલ ટેબલેટનો સામુહિક દવા વિતરણનો કાર્યક્રમ તારીખ ૧૦થી ૧૨ ફેબ્રઆરી દરમિયાન વઘઈ તાલુકાની સાકર પાતળ, ઝાવડા અને કાલીબેલ પી.એચ.સી દ્વારા કરવામા આવનાર છે. આ કાર્યક્રમના આયોજન તેમજ પ્રચાર પ્રસારના ભાગરૂપે, ડાંગ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાશુ ગામિતના માર્ગદર્શન હેઠળ, ડી.એમ.ઓ શ્રી ડો.દિલીપ શર્માદ્વારા પત્રકારો સાથે એક "પ્રેસ મીટિંગ"નુ આયોજન કરવામાઆવ્યુ હતુ. જેમા માહિતી આપતા શ્રી ડો.દિલીપ શર્માએ જણાવ્યુહતુ કે, જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સૂચવેલ નવી બ્લોક વાઈઝ સ્ટ્રેટેજીઅનુસાર, જિલ્લાના વિસ્તારોમા ફાઈલેરીયા રોગ સર્વે માટે નાઈટ બ્લડ સર્વેની કામગીરી હાથ ધરતા, વઘઈ તાલુકાના વિસ્તારમા નક્કી કરેલ સર્વેની સાઈટ્સમા માઈક્રોફાઈલેરિયા રેટ ૧ થી વધુ નોંધાતા તારીખ ૧૦ થી ૧૨ ફેબ્રઆરી દરમિયાન વઘઈ તાલુકાની સાકરપાતળ, ઝાવડા અને કાલીબેલ પી.એચ.સી દ્વારા સામુહિક દવા વિતરણ હાથ ધરવામા આવનાર આવનાર છે. જેમાવઘઈ તાલુકાના૯૭ ગામોના કુલ ૮૯૭૮૩ લોકોને આવરી લેવામા આવ્યા છે. આરોગ્યકર્મીઓ દ્વારા "ડોટ પધ્ધતી" મુજબ રૂબરૂમા દરેક ફાઈઝ અનેઆલ્બેન્ડાઝોલ ટેબલેટ આપવામા આવશે. વધુમા શ્રી ડો.દિલીપશર્માએ જણાવ્યુ હતુ કે, ફાઈલેરિયા મુક્ત ભાવી પેઢી માટે આ દવાઓ લેવી જરૂરી છે. આ દવાઓની કોઈ પણ આડઅસર નથી. હાથીપગાથી મુક્ત ભાવી પેઢી બનાવવા માટે સરકાર કટીબધ્ધ છે.

ડાંગ જિલ્લામાં બીજા તબક્કાની "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" યોજાશે

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડાંગ જિલ્લામાં બીજા તબક્કાની "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ના કાર્યક્રમનું આયોજન સૂપેરે ઘડીકાઢી, તેને વધુ લોકભોગ્ય બનાવવાની અપીલ ડાંગ કલેક્ટરશ્રી મહેશ પટેલે કરી છે. આગામી સમયમાંરાજ્યના૯ જિલ્લાઓમાં યોજાઈ રહેલી બીજા તબક્કાની "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓના અંદાજીત ૩૮ ગ્રામ પંચાયત વિસ્તારમાં યોજવાનું સંભવિત આયોજન કરાયુંછે. જેઅંગે જિલ્લા અધિકારીઓને પોતાની ભૂમિકા સમજી લેવા, અને કાર્યક્રમને વધુ લોકભોગ્ય બનાવવા કલેક્ટર શ્રી પટેલે સુક્ષ્મ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ.ડામોરે 'યાત્રા' ના સ્થળે આયોજિત કાર્યક્રમો, 'મેરી કહાની-મેરી જુબાની' વિષયક લાભાર્થીઓના પ્રતિભાવો, યોજનાકિય લાભોનું વિતરણ, ખાતમુહૂર્ત અને લોકાર્પણના કામો વિગેરે બાબતે સબંધિત વિભાગોને માર્ગદર્શન પૂરું પડ્યુંહતું.

"વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ના જિલ્લા કક્ષાના નોડલ ઓફિસર-વ-નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરલ પટેલે સંભવતઃ ડાંગ જિલ્લાના આહવા તાલુકાની ૨૫ ગ્રામ પંચાયતો, સુબીરની-૩, અને વઘઈ તાલુકાની ૧૦ ગ્રામ પંચાયતો મળી કુલ-૩૮ પંચાયતોમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ના કાર્યક્રમો યોજવાનું આયોજન કરાયું હોવાનું જણાવ્યુ હતું. આ અંગેનોરુટ પ્લાન સત્વરે સંબંધિતોને મોકલી આપવામાંઆવશે, તેમ પણ તેમણે કહ્યુંહતું.

ડાંગ જિલ્લા સેવા સદન ખાતે આયોજિત બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી બી.બી.ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબિયાર, ઈન્ચાર્જ પ્રાંત અધિકારી-વ-નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મેહુલ ખાંટ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટીલ સહિતના વરિષ્ઠ અધિકારીઓએ ઉપસ્થિત રહી, ચર્ચામાં ભાગ લીધો હતો.

મોરબીની કપોરીવાડી પ્રાથમિક શાળામાં 'શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણી કરાઈ

ભૂકંપ, પૂર, વાવાઝોડું, ઔદ્યોગિક અકસ્માત, આગ વગેરે જેવી આપત્તિઓમાં વ્યવસ્થાપન અંગે વિસ્તૃત સમજ અપાઈ

કમલમ્ ન્યુઝ,મોરબી

ભૂકંપ, પૂર, વાવાઝોડું, ઓદ્યોગિક અકસ્માત,આગ જેવી બહુવિધ આપત્તિઓ સમયે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તી અને આપત્તી વ્યવસ્થાપન અંગે જાગૃતિ કેળવાય તે હેતુથીરાજ્ય સરકાર દ્વારા શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુક્યો છે. જે કાર્યક્રમ અંતર્ગત મોરબીની કપોરીવાડી પ્રાથમિક શાળામાં 'શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણી કરવામાંઆવી હતી. આ 'શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખામાંથી ડૉ. ધાર્મિક પુરોહિત દ્વારા બાળકોને આપત્તિ વ્યવસ્થાપન અંગેની વિસ્તૃત સમજ આપવામાંઆવી હતી. તેમણે ભૂકંપ, પૂર, વાવાઝોડું જેવા વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. મોરબી નગરપાલિકા ફાયર સ્ટેશન ઓફિસર શ્રી દેવેન્દ્ર સિંહ જાડેજાએ આગકેવી રીતેલાગે છે? આગ લાગે ત્યારે આગ ઓલવવા શું કરવું જોઈએ પાણીમાં કેવી રીતે બચાવ કાર્ય કરવામાં આવે છે? વગેરે મુદ્દાઓ અંગે વિસ્તૃત સમજ આપી હતી. લીડીંગ ફાયર ઓફિસર જયેશભાઈએ લાઈફ જેકેટ, લોખંડનીબિલાડી, પાણીમાં તરવામાટેનું લાઈફજેકેટ વગેરેની કામગીરીની વિસ્તૃત સમજ આપી હતી.

તાલુકા વિકાસ અધિકારીશ્રી લાલપુર પંકજકુમાર જે. મહેતા સાહેબ નો વિદાય સમારોહ યોજાયો

કમલમ્ન્યુઝ,ભરત ભોગાયતા

સરકારી નોકરીમાં ફરજ નિષ્ઠાએ આગવુલક્ષણ છેજે અમુક કર્મચારી કેઅધીકારી વિશીષ્ટ રીતે નિભાવે છેઅને આવાવિરલાને સૌ વરસો સુધી વખાણે છે તેમાંય પંચાયત જેવાજટીલ ક્ષેત્રમાં ફરજ બજાવી કર્મયોગી તરીકે ઉભરી આવવુ અઘરૂ છે અને કલાર્કથી અધીકારી સુધીની સફરમાં દરેક આયામોને નવા દ્રષ્ટીકોણથી કર્મયોગ બનાવનાર જામનગર જિલ્લાના લાલપુર તાલુકા વિકાસ અધીકારીની નિવૃતિનો ઉત્સવ યોજાયો હતોજે ખરેખર સ્તુત્ય છે જામનગર જીલ્લા માહિતી કચેરીના માહિતી મદદનીશજલકૃતિ મહેતા કે જેઓ રચનાત્મકતા લેખનમાં વણીને માહિતીસભર બનાવવાની આગવી ઢબ ધરાવે છે તેમને ફ્ મહેતા સાહેબના નિવૃતિ ઉત્સવ અંગે વધુમાં જણાવ્યુ છે કે કર્તવ્ય, કર્મનિષ્ઠ, પ્રમાણીક, તથા કર્મચારીઓના હિતેચ્છુ એવા લાલપુર તાલુકા વિકાસ અધિકારીશ્રી, પંકજકુમાર મહેતા સાહેબશ્રીના ભવ્ય વિદાય કાર્યક્રમ લાલપુર તાલુકા પંચાયત પરિવાર દ્વારા યોજાયો જેમાં માન. જિલ્લા વિકાસ અધિકારીસાહેબશ્રી વિકલ્પ ભારદ્વાજ, પ્રાંત અધિકારી સાહેબશ્રી તથા ડેપ્યુટી ડી.ડી.ઓ સાહેબશ્રી, જિલ્લા પંચાયત સભ્યોશ્રીઓ, તાલુકા પંચાયત સભ્યોશ્રીઓ, ઉપસ્થિત સરપંચશ્રીઓ, તમામ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ હાજરીમાં પંકજકુમાર મહેતા સાહેબશ્રીને આજે તા.૩૧/૦૧/૨૦૨૪ના રોજ વય નિવૃત્ત થતા વિદાય કાર્યક્રમ યોજવામાંઆવ્યો. તેઓ મૂળ સુરેન્દ્રનગર જીલ્લાના વતની છે તેઓએ પંચાયત વિભાગમાં જુનિયર કલાર્કથી પોતાની સફર શરૂ કરી જેમાં તેઓ નાયબ ચીટનીશ, મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, એમ વિવિધ પદો ઉપર સેવા આપી ચુક્યા છે. મહેતાસાહેબ હંમેશા કામના નિકાલનહીં પરંતુ,ઉકેલની વૃત્તિમાં માનનાર મહેતા સાહેબશ્રી, પ્રમાણિકતા, સમય પ્રતિબદ્ધતા, અરજદારના પ્રશ્નોને કુનેહ પૂર્વક નિકાલ કરવાની કળા, તાબાના અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી કામ લેવાની આગવી શૈલી જેવા વિવિધ ગુણોના કારણોસર કર્મચારીગણ તેમજ સેવા આપેલા તાલુકાની પ્રજાના દિલમાં વિશિષ્ટ માન-સન્માન ધરાવેછે માળખાકીય વિકાસના કામો સહિત અનેકવિધ વિશિષ્ટ અને પ્રજાલક્ષી કામોને કારણે લાલપુર તાલુકના નાગરિકો આજે પણ તેઓને અને તેમના કામોને યાદકરે છે.

ગ્રામીણજનોની લાગણી અને માંગણી પ્રત્યે રાજ્ય સરકારે સહાનુભૂતિ દર્શાવી છે – નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ

ડાંગ જિલ્લાના રૂ.૬૦૦ લાખની કિંમતના બીજા ૧૯ ગ્રામીણ માર્ગો મંજૂર કરતી રાજ્ય સરકાર

કમલમ્ન્યુઝ,અમરનાથજગતાપ

ડાંગ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના વધુ ૧૯ જેટલા માર્ગો રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરી, જોબ નંબર ફાળવવામાં આવ્યા છે. ડાંગ જેવા દુર્ગમ વિસ્તારના વાહનચાલકોઅને પ્રજાજનોની માંગણીને વાચા આપતા, ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ દ્વારા, સરકાર કક્ષાએથી ડાંગ જિલ્લાપંચાયત હસ્તકના ખાસ મારામત સદર હેઠળ ૧૫ જેટલા માર્ગો, અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત બીજા ચાર જેટલા માર્ગો મળી કુલ-૧૯ માર્ગોના કામો મંજુર કરાવ્યા છે. ધારાસભ્યશ્રી તરફથી મળેલી વિગતો અનુસાર ડાંગ જિલ્લામાં (૧) બરડા-ખાજૂર્ણા રોડ, (૨) ઝરણ ગામે આંતરિક રસ્તાનું કામ, (૩) પીપલપાડા ગ્રામ્ય માર્ગ, (૪) હનવતચોંડ ગામે સ્મશાનભૂમિ તરફ જતા રસ્તાનું કામ, (૫) ચિકાર તળાવ ફળિયા રોડ, (૬) ભવાનદગડ ગ્રામ્ય રોડ, (૭) ખાતળફાટક માછળીરોડ, (૮) માલેગામ ગ્રામ્ય રોડ, (૯) ચનખલ વી.એ. રોડ (૧૦) દિવાનટેમ્રુન વી.એ. રોડ(૧૧) પિંપરીગ્રામ્ય રોડ(૧૨) ચીકટિયા સ્મશાનભૂમિ રોડ, (૧૩) લિંગા કુંભારિયા રોડ, (૧૪) વનાર વી.એ.રોડ, તથા (૧૫) ખડકવહળી વી.એ. રોડ, મળી કુલ-૧૫ જેટલા ગ્રામ્ય માર્ગો કે જેનીકુલ લંબાઈ ૧૯.૯૦ કિલોમીટર, અને અંદાજીત રકમ રૂ.૫૦૦ લાખ જેટલી થવા જાય છે, તે સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં ખાસ મરામત (૩૦૫૪) સદરે મંજૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સને ૨૦૨૩-૨૪ દરમિયાન મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત (૧) ઘોડી ઉપલા ફળિયામાં ગ્રામ્ય રોડ, (૨) આહેરડી ઉપલા ફળિયા રોડ, (૩) બોરપાડા-બોંડાર ફળિયા ખાતેરસ્તાનું કામ, તથા (૪) આંબાપાડા-આહેરડી ગ્રામ રસ્તાનું કામ મળી કુલ બે કિલોમીટરની લંબાઈના ૪ માર્ગો રૂ. ૧૦૦ લાખના ખર્ચે મંજુર કરી, જોબ નંબર ફાળવવામાંઆવ્યા છે. આમ, ડાંગ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના પ્રજાજનો માટે ખૂબ જ ઉપયોગી એવાઆ ગ્રામીણ માર્ગો મંજૂર કરીને, રાજ્યસરકારે અહીંનાપ્રજાજનોની લાગણી અને માંગણીપ્રત્યે સહાનુભૂતિદર્શાવીછે, તેમનાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે એક ટેલીફોનિક મુલાકાતમાંજણાવ્યું હતું.

વલસાડના ભદેલી ગામમાં કોમર્સ કોલેજની સાત દિવસીય એનએસએસ શિબિરનો પ્રારંભ, વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતી અને ટ્રાફિક સમસ્યા અંગે જાગૃત કરાયા

એનએસએસ શિબિરમાં સમાજ સેવા થકી વિદ્યાર્થીઓ પોતાના જીવનના ઘડતરના મૂલ્યો શીખી ચારિત્ર્યને ઉજાગર કરશે

વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપવામાં આવશે, મેડિકલ કેમ્પ અને ગામની સફાઈ પણ કરાશે

કમલમ્ ન્યુઝ,વલસાડ,

વલસાડની શાહ નરોત્તમદાસહરજીવનદાસ કોમર્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (NSS)નો વાર્ષિક શિયાળુ કેમ્પનો દેશના ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી મોરારજી દેસાઈના ગામ ભદેલીમાં આજથી પ્રારંભ કરાયો છે. જે તા. ૦૬ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ કેમ્પમાં વિવિધ વક્તાઓ સહિત વિવિધવિષયો પર વ્યાખ્યાનોતેમજ મેડિકલ કેમ્પ અને વિવિધ વિષયો પર માહિતી આપવામાં આવશે. ભદેલી ખાતેઉદઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે નૂતન કેળવણી મંડળના મંત્રી કિર્તીભાઈ દેસાઈએ એનએસએસની શિબિરની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. કેમ્પસ ડાયરેક્ટર ડૉ.નિર્મલ શર્માએ આનંદની લાગણી વ્યક્ત કરી આવા કેમ્પો સમાજ માટે અને વિદ્યાર્થીઓના ઘડતર માટે ખુબ ઉપયોગીજણાવ્યું હતું. કોલેજ ના આચાર્ય ડૉ.ગિરીશકુમાર એન. રાણાએ રાષ્ટ્રીય સેવાયોજના વિશે માહિતી આપી સામાજિક સેવા માટે વિદ્યાર્થીને સમાજ સેવા થકી સાત દિવસમાં પોતાના જીવનના ઘડતરના મુલ્યો શીખવાના હોય ચારિત્ર્યને ઉજાગર રાખવાનો આગવો પ્રયત્ન કરવો જોઈએ એવુ જણાવ્યું હતું. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને ટ્રાફિક સમસ્યાનું નિવારણ કેવી રીતે કરવું એ અંગે નિવૃત્ત ટ્રાફિક ઈન્સ્પેકટર રાજેન્દ્રભાઈ કાપસેએઅને પ્રાકૃતિક ખેતીવિષય ઉપરઆત્માપ્રોજેક્ટના ડેપ્યુટી ડાયરેકટર ધીરેન એન.પટેલે માર્ગદર્શન આપ્યું હતું. પ્રાથમિક શાળાનાં આચાર્યઅલ્પેશભાઈ લાડે વિદ્યાર્થીઓને ભદેલી ગામમાં રહી અલગ અલગ સેવા માટે કાર્ય કરી એક આગવું ઉદાહરણ પુરું પાડવા પહેલ કરી હતી. ભદેલી ગામના ઉપસરપંચ કેવિન આહિરે મોરારજીભાઈ દેસાઈઆ પ્રાથમિક શાળામાં ભણ્યા હોવાથી આ ગામમાંઆવેલા સર્વનું સ્વાગત કરી દરેકપ્રકારના કાર્યમાંસહાય કરવા ખાતરી આપી હતી. ભદેલી ગામના શિક્ષક અને લેખક મંગુભાઈએ પ્રસંગોચિત આવકાર અને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. આગામી દિવસોમાં કેમ્પ દરમ્યાન આયુર્વેદિક ટ્રીટમેન્ટ કેમ્પ અનેગામની સફાઈનોકાર્યક્રમ પણ યોજાશે. તા. ૩ ફેબ્રુ.એ ધરમપુર વનરાજ કોલેજના અધ્યાપક પ્રો.શૈલેષભાઈ રાઠોડ એન એસ એસ વિશે વાત કરશે અને ભીડભંજન મહાદેવ મંદિરના ટ્રસ્ટીશ્રી શિવજી મહારાજ ડી એડીક્શન અને સોશિયલ રીફોર્મ વિશેવાત કરશે. તા ૪ફેબ્રુ.એ યોગ બોર્ડના વલસાડના કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે યોગઅને મેડિટેશન વિશે માહિતી આપશે. તા. ૫ ફેબ્રુ.ના રોજવલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વીર નર્મદ યુનિ.ના એનએસએસના કો-ઓર્ડિનેટર પ્રકાશ ચંદ્રા અને ભદેલી પ્રાથમિક શાળાના આચાર્ય અલ્પેશ લાડ અને ગામના સરપંચ અજય રાઠોડ માહિતી આપશે. એનએસએસ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર એમ.જી.પટેલે સ્વાગત અને આભારવિધિ કરી હતી. એનએસએસના પ્રોગ્રામ ઓફિસર સર્વ ડૉ.આર જી.પવાર, પ્રોએમ.એમ .જરીવાલાતેમજ પ્રો. ચિરાગ રાણા કાર્યક્રમ માટે તેમજ સાત દિવસના કેમ્પ માટે પરિશ્રમ કરીરહ્યા છે.

આ સાત દિવસમાં વિદ્યાર્થીઓના સર્વાંગિક વિકાસ, સામાજિક ઘડતરતેમજ વ્યવસ્થિત વ્યવહારનો અનોખો સંગમ, ચારિત્ર્ય ઘડતર, શ્રમદાન તેમજ અનેક પ્રકારના વ્યાખ્યાનોનો વિદ્યાર્થીઓને લાભ મળશે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સહિતના ઉચ્ચ અધિકારીઓએ હેરિટેજ વોક દ્વારા શહેરનો ઐતિહાસિક વારસો નિહાળ્યો

વિશ્વના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી માં પોલીસ અધિકારીઓએ હેરિટેજ ઇન્ફ્રાસ્ટ્રકચર, ધર્મસ્થાનો, કોતરણી કામ સહિત વિવિધ સ્થાપત્યોને નિહાળ્યા

કમલમ્ ન્યુઝ,

વિશ્વના પ્રથમવર્લ્ડ હેરિટેજ સિટી એવા અમદાવાદમાં આજે વહેલી સવારે શહેરના પોલીસ કમિશનર શ્રીજી.એસ.મલિક તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ હેરિટેજ વોક દ્વારા શહેરનો ઐતિહાસિક વારસોનિહાળ્યો હતો. કાલુપુર સ્વામિનારાયણ મંદિરથી શરૂ થઈ જામા મસ્જિદ સુધીની હેરિટેજ વોક દરમિયાન શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ઐતિહાસિક વારસાની ધરોહર સમાન વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. કાલુપુર સ્વા. મંદિર, કવિ દલપતરામ ચોક, લંબેશ્વરની પોળ, દોશીવાડાની પોળ, ફર્નાન્ડીસ પુલ,માણેક ચોક, રાણીનો હજીરો, જામા મસ્જિદ સહિતના સ્થળોની મુલાકાત લઈને પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિકસહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ હેરિટેજ ઈન્ફ્રાસ્ટ્રકચર, અનેક ધર્મસ્થાનો, કોતરણી કામ, પોળ, ચબૂતરા સહિત વિવિધસ્થાપત્યોને નિહાળ્યા હતા. હેરિટેજ વોકના જાણકાર ગાઈડ્સદ્વારા સમગ્રહેરિટેજ રૂટના સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વથી અવગત કરાવવામાં આવ્યા હતાં. હેરિટેજ વોકમાં અમદાવાદ શહેર પોલીસના તમામ ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યાહતા.

ડાયાબિટીસ ટાઈપ-૧ સારવાર અને અટકાયત માટે એક દિવસીય કાર્યશાળા યોજાઈ

કમલમ્ન્યુઝ,ઈકબાલ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં આ અંતર્ગત જુવેનાઈલ (બાળકોમાં) થતા ડાયાબિટીસ ટાઈપ-૧ સારવાર અને અટકાયત માટે જરૂરી માર્ગદર્શન માટે જિલ્લા વિકાસઅધિકારી શ્રીહર્ષદ વોરાની અધ્યક્ષાતામાં એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરાયુ હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરાએ જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં આ પ્રકારનો પ્રથમ કાર્યક્રમ કરવામાં આવ્યો છે જે આવકાર્ય છે. જિલ્લાના બાળકોમાં થતા ડાયાબિટીસની બિમારી માટે આગામી સમયમાંટીમ હેલ્થ દ્વારા વિશેષ કામગીરી કરી જનજાગૃતિ માટેના પ્રયાસો કરવામાં આવશે. સમગ્ર વિશ્વમાં NCD (બિન સંચારી રોગો)નું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. આપણી જીવનશૈલીઅને આહાર ની ટેવોના કારણે ડાયાબિટીસ તથા અન્ય રોગોના ભોગ બનવું પડે છે. સાબરકાંઠા જિલ્લામાં આ બીમારીના નોંધ્યેલ પર બાળકોને જી.એમ.ઈ આર.એસ મેડિકલ કોલેજ ખાતે ડાયાબિટીસ બીમારીના નિષ્ણાંત ડો.પરીક્ષિત ગોસ્વામી અને તેમની ટીમ દ્વારા બાળકોઅને વાલીઓને માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. તેઓએ જણાવ્યું કે, બાળકને કયો આહાર વધારે જરૂરી છે, કયો ખોરાક ન લેવો, ઈન્સ્યુલીન કેવી રીતે અને કેટલું લેવું, ઈન્સ્યુલીનલેવાની યોગ્ય રીતનું પણ નિદર્શન કરવામાં આવ્યુ. બાળકોનેડાયાબિટીસસાથે કેવી રીતે તંદુરસ્ત જીવન જીવી શકાય તે માટે માર્ગદર્શિત કર્યા હતા.આજના વર્કશોપમાં મુખ્ય જિલ્લાઆરોગ્ય અધિકારીડો. રાજ સુતરીયા, અધિકજિલ્લા આરોગ્ય અધિકારી ડો. કે.એસ.ચારણ તથા તમામ તાલુકા આરોગ્ય અધિકારી અને મેડીકલ ઓફિસર ઉપસ્થિત રહ્યાહતા.

આયુના શતકના દ્વાર ખટખટાવતા પૂ.હંસાબા જનસેવાના બની રહ્યા છે પર્યાય

મુરબ્બી હંસાબેન બાલકૃષ્ણ મહેતાએ ૯૬ વર્ષે પણ ડીસએબલ્ડ માટે સક્રીય રહી છ દાયકાના સેવાયજ્ઞને નિત્ય પ્રજ્વલીત રાખ્યો છે

કહેવાય છે ને કે "સદકાર્યની સુવાસ ને સીમાડા નથી હોતા "એમ પૂજ્ય હંસાબાના સદ્કાર્યો દશેય દિશાઓમાં લાભાર્થીઓના સ્મિત થકી સુવાસિત છે

કમલમ્ન્યુઝ,ભરત ભોગાયતા

જીવનના અનેક રંગછે અને જે રીતે જીવન જીવવાનો આનંદ લેવાતોહોય તેમુજબ તેરંગ છલકે છે નજરે ચડેછે ત્યારે સેવાકાર્ય એવુ ક્ષેત્ર છે કે જેમાં મેઘધનુષી રંગ છે સાથે સાથે મઘમઘતી ખુશ્બુ પણ છે વાત છે પુજ્ય હંસાબા ની જે સેવાક્ષેત્રના લીજેન્ડરી વ્યકિતત્વ શોભાવે છે કેમકે આયુના શતકના દ્વાર ખટખટાવતા પૂ.હંસાબા જન સેવાના પર્યાય બની રહ્યા છે મુરબ્બી હંસાબેન બાલકૃષ્ણ મહેતાએ ૯૬ વર્ષેપણ ડીસએબલ્ડ માટે સક્રીય રહી છ દાયકાના સેવાયજ્ઞને નિત્યપ્રજ્વલીત રાખ્યો છેકહેવાય છે ને કે "દસકાર્યની સુવાસ ને સીમાડાનથી હોતા "એમ પૂજ્ય હંસાબાના સદકાર્યો દશેય દિશાઓમાં લાભાર્થીઓના સ્મિત થકી સુવાસિત છે સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાન અમદાવાદના રીતુસિંઘ મેડમ વધુમાંજણાવે છે કે પૂજ્ય હંસાબા બાલકૃષ્ણ મહેતાછે, એક અદભૂતસામાજિક પ્રભાવક, એકસ્વપ્નદ્રષ્ટાજેઓસમાજનાઘણા દૃષ્ટિહીન અને શારીરિક રીતે વિકલાંગ વર્ગોના રંગને બદલવા માટે સંકલ્પબદ્ધ છે. પોતાના જીવનના ૬૨ વર્ષથી વધુ સમય સમાજ સેવા માટે સમર્પિત કર્યા પછી પણ તે લાખો લોકોને પ્રેરણા આપે છે. તેમનું જીવન પોતે જ સમર્પણ, પડકારો પર વિજય મેળવનાર, ક્યારેય નિષ્ફળન થનાર વલણ, પરિવર્તનની સતત ઈચ્છા અને સમાજમાંપરિવર્તન લાવવાના દ્રઢ નિશ્ચયની ફલશ્રુતિ છે. તેમનું જીવન નિત્યદાન, જરૂરિયાતમંદની નિઃસ્વાર્થસેવા,જરૂરિયાતમંદો માટે નિરાશામાં પ્રાર્થનાનું જીવંત ઉદાહરણ છે. હજારોની માતા, જેમના અવિશ્વસનીય પ્રેમે નિરાશાજનક જીવનને સુગંધથી ભરી દીધું છે. તેમનું કાર્ય તેમણે ઘણા લોકોના જીવન પર પડેલી અસર વિશેની વાત પણ અનેક છે તેમને ૧૯૯૩ માં "સહયોગ ફાઉન્ડેશન એવોર્ડ" એ તેમની પ્રસિદ્ધ સફરમાં શરૂ થયેલી ઘણી પ્રશંસાની શરૂઆત હતી. દર વર્ષે તેમના સારા કાર્ય અને યોગદાન માટે સન્માન, ઉલ્લાસ અને ઉજવણીનું વર્ષ રહ્યું છે, પછી તે નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ તેમને પુરસ્કારો સાથે પ્રસ્તુત કરે છે, જે ૧૯૯૬ માં ઈન્દિરા ગાંધી પ્રિયદર્શિની એવોર્ડ બાદ પણ અનેક એવોર્ડ મળ્યા છે આ સૂચિઅવિરત રહી છે. તેણીની માન્યતાઓની લાંબી સૂચિમાં ઉમેરો કરીને, તેમને તાજેતરમાં એબીએમછમ્સ સંસ્થાદ્વારા "વર્ષના અસાધારણ સામાજિક કાર્યકર" તરીકે દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ મોટિવેશનલ એવોર્ડ ૨૦૨૪-૨૫ એનાયત કરવામાં આવ્યો હતો. તે સાચા અર્થમાં સામાજિક પરિવર્તનની પ્રણેતા, હજારો લોકોની માતા, આશા શોધનારાઓ માટે પૂજ્ય હંસાબા શિક્ષક અને પડકારો છતાં ગૌરવપૂર્ણ જીવનનો માર્ગ બતાવનાર છે. તેઓ કરૂણાના સાગર છે અને માટે સેવા અને સદકાર્યની સ્ફુરણા તેમનું બાળવયથી રહી છે અનેક માટે આદર્શ પૂજ્ય હંસાબા ૯૬વર્ષે પણ સેવા કાર્યથી દ્રષ્ટી હિનના આંતર ચક્ષુને ખોલે છે તો દિવ્યાંગોના જીવનમાંવિવિધતા સભર સેવાઅને સાધનો ઉમેરીને તેઓને જીવનનો ઉત્સાહ પુરો પાડે છે અસંખ્ય લાભાર્થીઓ અવિરત પૂજ્ય હંસાબાની સેવાના સદગુણ ઉર્જાસભર સ્મિતઅને જીવનધન્ય કરવાની સોનેરી સલાહ ની સાથે જીવનના મુશ્કેલ પડાવ ને પણ સહજ રીતે પાર કરી રહ્યા છે જે પૂજ્ય હંસાબાનો સૌથીમોટો સંતોષ રહ્યોછે

વરાછા વિસ્તારની ગાબાણી કોલેજમાં ઈન્ટીગ્રેટેડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સનો ઓરિએન્ટેશન સેમિનાર યોજાયો

"આ કોર્સ નું સેન્ટર શ્રી જે. ડી. ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટ, કાપોદ્રા, વરાછાને આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ વધુ માહિતી માટે કોલેજના ઇન્ચાર્જ આચાર્ય શ્રી ડો. ગોવિંદ ધીનૈયાના નો રૂબરૂ સંપર્ક કરી શકે છે."

કમલમ્ ન્યુઝ,

શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમસભા સંચાલિત શ્રી જે. ડી. ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટ, વરાછા, સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ૩૦મી જાન્યુઆરી ૨૦૨૪નારોજ ઈન્ટીગ્રેટેડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સનો ઓરિએન્ટેશન સેમિનાર યોજવામાં આવ્યો. વિધાર્થીઓ વ્યક્તિત્વના વિકાસ માટે તેમજ વિધાર્થીઓ સફળ ભવિષ્ય માટે તૈયારી કરીશકે એવોઉપયોગીકોર્સ - ઈન્ટીગ્રેટેડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ (IPDC) નો ઓરિએન્ટેશન સેમિનાર કાર્યક્રમમાં સુરત શહેર વિસ્તારની ૧૫ કોલેજોના આચાર્યશ્રી અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરુઆત કોલેજના ઈન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. ગોવિંદ ધીનૈયાના અભિપ્રેરક વક્તવ્ય થી કરવામાં આવી હતી. આઈપીડીસીના કોર્ડીનેટર દ્વારા સમગ્ર કોર્સની રૂપરેખા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦ ના ભાગરૂપે વેલ્યુએડેડ કોર્સમાંઆઈપીડીસી નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કોર્સ કરવાથી વિદ્યાર્થીઓ ૨ ક્રેડિટ મેળવીશકે છે. વિદ્યાર્થીઓએ પ્રત્યેક સેમેસ્ટર દીઠ ૨૨ક્રેડિટ મેળવવાની હોય છે. દરેક વિદ્યાર્થીઓએ આઈપીડીસી ની ૨ ક્રેડિટ મેળવવી જોઈએઅને વ્યક્તિત્વવિકાસદ્વારા કારકિર્દીનો વિકાસ કરવો જોઈએ એવો મત રજૂ કરવામાં આવ્યો હતો. આકોર્સ નુંસેન્ટર શ્રીજે. ડી. ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટ, કાપોદ્રા, વરાછાને આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ વધુ માહિતી માટે કોલેજના ઈન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. ગોવિંદ ધીનૈયાના નો રૂબરૂ સંપર્ક કરીશકે છે.

મોરબી માહિતી કચેરીના અધિક્ષકશ્રી બી.એલ. જાદવની જુનાગઢ બદલી થતાં ભાવભીની વિદાય અપાઈ

કમલમ્ ન્યુઝ,મોરબી

મોરબીજિલ્લા માહિતીકચેરી ખાતેકચેરી અધિક્ષક તરીકે કાર્યરત શ્રી બી.એલ. જાદવની જુનાગઢ જિલ્લા માહિતીકચેરી ખાતેબદલી થતાં ભાવભીનીવિદાય આપવામાંઆવીહતી. શ્રી બી.એલ. જાદવ સુરેન્દ્રનગર જિલ્લા માહિતી કચેરી ખાતેથી બદલી થતાં જુલાઈ-૨૦૨૩માં મોરબી જિલ્લામાહિતી કચેરીખાતેહાજર થયા હતા. હાલ તેમનીજુનાગઢ જિલ્લા માહિતી કચેરી ખાતે બદલી થતા મોરબી માહિતી પરિવાર દ્વારા વિદાયમાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોરબી માહિતી કચેરીના સહાયક માહિતી નિયામકશ્રી ઘનશ્યામ પેડવા, માહિતી મદદનીશશ્રી બળવંતસિંહ જાડેજા અને તેજસ રૂપાણી, ફિલ્મ ઓપરેટરશ્રી ભરતભાઈ ફુલતરીયા, ક્લાર્કશ્રીએ.પી ગઢવીઅને જયરાજપરા, અન્યસ્ટાફમાં શ્રી કિશોરપરી ગોસ્વામી, હિતેશ્રી દવેસહિતનાએ તેમનેશુભેચ્છાઓ પાઠવી હતી.

સાવરકુંડલાના છેવાડાના વિસ્તારના લોકોનું નાવલી નદી પર બ્રીજ બનવાનું સપનું વિશાળ જનહિતના લાભાર્થે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની દુરંદેશી અને પાલિકા પ્રમુખની સહૃદયતા દ્વારા સાકાર થશે

બ્રિજ બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવે તે પહેલાજ આ રસ્તો પંપ હાઉસ માંથી ચાલુ કરી આપવા નિર્ણય લેતા: ધારા સભ્ય કસવાળા

કમલમ્ ન્યુઝ,

સાવરકુંડલા હવે બનશે સુવર્ણ કુંડલા.. સાવરકુંડલા વિસ્તારના છેવાડાના વિસ્તારના લોકો નદીનેએક કાંઠેથીબીજા કાંઠે બારેમાસઆવજન જાવન કરી શકે તે માટે નદી પર બ્રીજનું સપનું સાકાર થશે આ સંદર્ભે વૉર્ડ નંબર ૭ ના પ્રતિનિધી અને યુવા પત્રકાર સોહીલ શેખ દ્વારા આ વિસ્તારમાં પડતી હાલાકી ને પત્ર દ્વારા ધારાસભ્ય શ્રી નેરજુઆત કરવામાં આવી હતી આ રજુઆત ને ધ્યાને લઈ આ છેવાડાના વિસ્તારની ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ માત્ર કાગળ પર નહી પરંતુ ખુદ સ્થળ પર હીમાંશુભાઈ ધાનાણી, નૈમીશભાઈ રાઠોડ, અજયભાઈ ધાખડા સાથે અધિકારીઓની ટિમ સાથે જઈને લોકોની હાલાકીનો વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવી તલસ્પર્શી અભ્યાસ કરીને બ્રિજ બનાવવા માટે પ્લાનિંગ કર્યું. આમ ગણીએ તો આ વિસ્તાર મહુવા રોડથી કે.કે હાઈસ્કૂલ રોડની વચ્ચે આવેલ નાવલીનદીપાર કરવી એટલે લોકોને માપે ભારે મુશ્કેલીવાળો હતો. જો કે એક ખરાં અર્થમાં જન પ્રતિનિધિ તરીકે આ બાબતની ધારાસભ્યશ્રીએ ગંભીર નોંધ લઈને જે વર્ષોની રસ્તો ઓળંખવા માટેની મુશ્કલીનો અંત લાવવા માટે આ રસ્તા પર બ્રિજ બનાવવામાં આવશે.જે છેવાડાના વિસ્તારો મણિનગર, નેરાવિસ્તાર, બીડીકામદાર, કેવડાપરા, હાથસણી રોડ, ભાવના સોસાયટી તેમજ સ્કૂલ કોલેજો અને હાઈસ્કૂલોના વિદ્યાર્થીઓતેમજ લોકોમાટે અત્યંત જરૂરીબની ચૂકેલાબ્રિજ બનાવવા માટેની તૈયારીઓપુર જોશમાં થઈ રહી છે. ખાસ તો દેશનુ ઉજ્વળ ભવિષ્ય જેના હાથમાં હશે એ વિદ્યાર્થીઆલમ કે જે આ વિસ્તારને ક્રોસ કરીને મહુવા રોડ તરફ જાય છે.

કે પછીવયોવૃદ્ધ, બિમાર કે અશક્ત કે નાના બાળકો પણ આ રસ્તો આસાનીથી ઓળંગી શકે તે માટે પણ બ્રીજનીતાતી જરૂરિયાત હતી. અને આ બાબતની નોંધ સાવરકુંડલાના દુરંદેશી મિજાજ ધરાવતા ધારાસભ્ય દ્વારાલઈને એક વિશાળ જનહિતના લાભાર્થે હવે આ છેવાડાના વિસ્તારના નાવલી નદીપર બ્રીજબનશેએ દિવસો પણ હવે દૂર નથી. લોકો પણ હવે સ્વંમ મનોમન બોલી રહ્યાછે કે ભાઈ આ ધારાસભ્ય નામના જ નથી પરંતુ ખરેખરખૂબ કામનાછે.. લલ્લુભાઈ શેઠ પછી લોકોએ પ્રથમ વખત આવા જનસેવા એ પ્રભુ સેવાના સૂત્રને સાર્થક કરતાં ધારાસભ્ય નિહાળ્યાં સોનામાંસુગંધ ભળે તેમ નગર પાલિકાની વર્તમાન શાસક ટીમ પણ ધારાસભ્યના આ કાર્યને મૂર્ત સ્વરૂપ આપવા માટે પ્રતિબદ્ધ છે. આ તકે પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શરદભાઈ પંડ્યા, શહેર પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા,વિજયસિંહ વાઘેલા, તાલુકા પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર સંગઠનના હેદેદારો, પાલિકા ના સદસ્યશ્રી ઓ તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ હાજર રહ્યાહતા.

પંચમહાલ જિલ્લામાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન,ગોધરા દ્વારા નિ:શુલ્ક તાલીમ અને સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

જિલ્લાની ૩૫ બહેનોને ૩૦ દિવસની સીવણકામની તાલીમ આપીને સર્ટિફિકેટ વિતરણ કરાયા

કમલમ્ ન્યુઝ,ગોધરા

મહિલાઓની આર્થિક આજીવિકામાંસુધારો થાય તે હેતુથી પંચમહાલ જિલ્લામાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન (આર-સેટી) ગોધરા દ્વારા વિવિધ પ્રકારની તાલીમનું આયોજન કરવામાં આવે છે. RSETI ગોધરા દ્વારા પંચમહાલજિલ્લાની૩૫ બહેનોને ૩૦ દિવસની સીવણકામ ની તાલીમ આપીને ટ્રેનિંગના અંતિમ દિવસે ગોધરા ખાતે સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તકે પંચમહાલ જિલ્લા LDMશ્રી સતેન્દ્ર રાવ,RSETI ડાયરેકટર શ્રી દેવીદાસ દેશમુખ અને DRDA વિભાગના કર્મચારીઓએ હાજર રહીને બહેનોને સ્વરોજગાર માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સાથેRSETI દ્વારા૧૦ દિવસની ફાસ્ટ ફૂડઅને સ્ટોલ ઉદ્યમીતાલીમ માટે રજીસ્ટ્રેશન કરવાનો પ્રારંભ કરાયો છે આ અંગે વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૯૦૯૯૦ ૭૫૮૯૯પર સંપર્કકરવા જણાવ્યું છે. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન (આર-સેટી) અંતર્ગત સમગ્ર ગુજરાતનાં ગ્રામીણ વિસ્તારનાંગરીબ કુટુંબના૧૮ થી ૪૫ વર્ષના યુવાન/યુવતીઓને સ્વરોજગારી અંગેની નિઃશુલ્ક તાલીમ આપવામાંઆવે છે.ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન અંતર્ગત અપાતા તાલીમ કોર્સનો સમય ગાળો ૬ થી ૪૫ દિવસનો હોય છે, જેમાં ૬૧પ્રકારના કોર્સની તાલીમ આપવામાં આવે છે.

રમતગમતમાં નવી ઊંચાઈઓ સર કરી રહેલા આપણા યુવાનો પર દેશને ગર્વ છે: કેન્દ્રીય નાણામંત્રી

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને આજે સંસદમાં રજૂ કરાયેલા વચગાળાના બજેટ ૨૦૨૪-૨૫માં 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા પ્રયાસ'ના મંત્રને ઉજાગર

કરતાં કહ્યું હતું કે, દેશને રમતગમતમાં ઊંચાઈ હાંસલ કરતા આપણા યુવાનો પર ગર્વ છે.

- **રમતગમતમાં યુવાનો એશિયનમાં ભારતની સિદ્ધિઓ પર પ્રકાશ પાડવો**

તેમણે કહ્યું હતું કે, "વર્ષ ૨૦૨૩માં એશિયન ગેમ્સમાં અત્યાર સુધીની સૌથી વધુ મેડલ ટેલી અને એશિયન પેરા ગેમ્સ ઉચ્ચ આત્મવિશ્વાસના સ્તરને પ્રતિબિંબિત કરે છે."કેન્દ્રીય મંત્રીએ પોતાના બજેટ ભાષણમાં એમ પણ કહ્યું હતું કે ચેસના અસાધારણ ખેલાડીઅને આપણા નંબર-વન રેંક ખેલાડી પ્રગ્નાનંદાએ ૨૦૨૩માં શાસક વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસન સામે આકરી લડત આપી હતી. ચેસમાં ભારતની સફળતા વિશે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, "આજે ભારતમાં ચેસના ૮૦થી વધુ ગ્રાન્ડમાસ્ટર્સ છે, જે ૨૦૧૦માં ૨૦થી વધુ હતા."

- **ટેક સેવી યુથ માટે કોર્પસ**

શ્રીમતી નિર્મલા સીતારામને બજેટ પ્રસ્તુત કરતી વખતે પચાસ વર્ષની વ્યાજમુક્ત લોન સાથે એક લાખ કરોડ રૂપિયાનું ભંડોળ સ્થાપિત કરવાની દરખાસ્ત રજૂ કરી હતી. કોર્પસ લાંબા ગાળાના ધિરાણ અથવા રિફાઈનાન્સિંગ અને નીચા અથવા શૂન્ય વ્યાજ દર સાથે લાંબા ગાળાના ધિરાણ અથવા પુનર્ધિરાણ પ્રદાન કરશે. તેમણે જણાવ્યું હતું કે, આપણા ટેક સેવી યુવાનો માટે આ એક સુવર્ણ યુગ બની રહેશે અને આપણા યુવાનો અને ટેક્નોલોજીની શક્તિઓને સાંકળતા કાર્યક્રમો યોજવાની જરૂર છે. શ્રીમતી નિર્મલા સીતારામને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ કોર્પસ ખાનગી ક્ષેત્રને સૂર્યોદયનાં ક્ષેત્રોમાં નોંધપાત્ર રીતે સંશોધન અને નવીનતા વધારવા માટે પ્રોત્સાહિત કરશે.

કમલમ્ ન્યુઝ,
માણસા તાલુકાના બોરૂં ગામના શ્રી ગોહિલ જીતેન્દ્રભાઈ અંબુજીને આકસ્મિક હાર્ટએટેક આવતા જનરથ દ્વારા મહેસાણા લાયન્સ હોસ્પિટલમાં જઈને તાત્કાલિક 'આયુષ્યમાન ભારત કાર્ડ' કાઢી આપવામાં આવ્યું



કમલમ્ ન્યુઝ,
તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ કેબિનેટ આદિજાતિ વિકાસ પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રોફેસર ડોક્ટર કુબેરભાઈ ડીંડોર સાહેબ અને રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા દ્વારા ગાંધીનગર સેક્ટર ૧૭ ખાતે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળના નવા વહીવટી ભવન નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.



કમલમ્ ન્યુઝ,
૭૫મા પ્રજાસત્તાક પર્વની નવી દિલ્હી ખાતેની રાષ્ટ્રીય પરેડમાં કર્તવ્ય પથ પર પ્રસ્તુત થયેલા ગુજરાતના ટેબ્લો ''ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ-UNWTO''ને પીપલ્સ ચોઈસ એવોર્ડ કેટેગરીમાં પ્રથમ ક્રમનું ગૌરવ સન્માન મળ્યું છે. આ ગૌરવ સન્માન તથા જ્યુરી ચોઇસનું દ્વિતીય ક્રમનું પારિતોષિક નવી દિલ્હીમાં ૩૦ જાન્યુઆરીએ રક્ષા અને પ્રવાસન રાજ્યમંત્રી શ્રી અજય ભટ્ટના હસ્તે ગુજરાતને એનાયત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ ગૌરવ સન્માન ટ્રોફી અને પ્રશંસાપત્ર બુધવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીના સચિવ અને માહિતી પ્રસારણ સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ અને માહિતી નિયામકશ્રી ધિરજ પારેખે ટિમ માહિતી સાથે રહીને પ્રસ્તુત કર્યા હતા. આ એવોર્ડ ત્યાર બાદ રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં રજૂ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રી મંડળે આ ગૌરવ સિદ્ધિને બિરદાવતાં માહિતી પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

૧૯૯૦ની બેચના ભારતીય વિદેશ સેવાના શ્રી સંજય વર્માએ યુપીએસસીના સભ્ય તરીકે પદ ગ્રહણ અને ગોપનીયતાના શપથ લીધા

કમલમ્ ન્યુઝ,
૧૯૯૦ની બેચની ભારતીય વિદેશ સેવા શ્રી સંજય વર્માએ આજે બપોરે યુપીએસસીના મુખ્ય ભવન સ્થિત સેન્ટ્રલ હોલમાં યુપીએસસીના સભ્ય તરીકે પદ ગ્રહણ અને ગુપ્તતાના શપથ લીધા હતા. યુપીએસસીના અધ્યક્ષ ડો.મનોજ સોનીએ તેમને શપથ લેવડાવ્યા હતા. શ્રી સંજય વર્મા ૧૯૯૦ માં ભારતીય વિદેશ સેવામાં જોડાયા હતા, અને તેમની વિદેશી સોંપણીઓમાં સમાવેશ થાય છે: સ્પેન અને એન્ડોરામાં રાજદૂત; ઈથોપિયા, જીબુટી અને આફ્રિકન યુનિયનના રાજદૂત; કોન્સ્યુલ જનરલ, દુબઈ; કાઉન્સેલર (આર્થિક અને વ્યાપારી), ભારતીય દૂતાવાસ, બેઈજિંગ; પ્રવક્તા અને કાઉન્સેલર (પ્રેસ, માહિતી અને સંસ્કૃતિ), ભારતીય દૂતાવાસ, કાઠમંડુ; સેકન્ડ સેક્રેટરી (પ્રેસ અને પોલિટિકલ), ભારતીય દૂતાવાસ, મનીલા અને ઈકોનોમિક એન્ડ કોમર્શિયલ ઓફિસર, હોંગકોંગ. વિદેશ મંત્રાલયની સોંપણીઓમાં શામેલ છે: ચાઈના ડેસ્ક; પ્રવક્તા માટે સહાયક (OSD); સંયુક્ત સચિવ (ડીજી), ઉર્જા સુરક્ષા અને પ્રોટોકોલના વડા. મુંબઈથી, તેમણે વિલ્સન કોલેજમાં અભ્યાસ કર્યો, અને પછી મુંબઈ યુનિવર્સિટીની જય હિંદ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતક થયા. તેમણે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, નવી દિલ્હીમાંથી ઈન્ટરનેશનલ સ્ટડીઝમાં માસ્ટર્સ કર્યું છે. તેમણે ભારતના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ઈન્ટરનેશનલ સ્ટડીઝમાં ફેલોશિપ મેળવી હતી અને અગાઉ દોરાબજી ટાટા સ્કોલરશિપ પણ મેળવી હતી. તેઓ યુનિવર્સિટી-સ્તરના હોકી ખેલાડી. વાંચન, સંગીત, લોકપ્રિય ભારતીય સંસ્કૃતિ અને ફિલ્મો તેમની રુચિઓ છે.

ગાંધીનગર ખાતે કૃષિમંત્રી શ્રી રાઘવજી પટેલના અધ્યક્ષતામાં અમૃતકાળ- ભવિષ્યની ખેતી – શ્રી અન્ના વિષય અંગે સેમિનાર યોજાયો

ખેડુતોના હિતાર્થે કરાયેલ સકારાત્મક નિર્ણયોની ફળશ્રુતિ રૂપે છેલ્લા બે દાયકામાં રાજ્યના કૃષિ વિકાસે પ્રગતિની હરણફાળ ભરી: કૃષિમંત્રી શ્રી રાઘવજી પટેલ

ખેડૂતોની આવક વધારવા ખેતીને એક બિઝનેસ મોડલ તરીકે વિચારીને માર્કેટિંગ કરવું આવશ્યક : મુખ્ય સચિવ શ્રી રાજકુમાર

કમલમ્ ન્યુઝ,
અમૃતકાળમાં નવીન ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરીને ખેડૂતોની આવક બમણી કરવા માટે કેવા પ્રકારના પગલા ભરી શકાય તે હેતુથી ગાંધીનગર ખાતે કૃષિમંત્રી શ્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને ''અમૃતકાળ- ભવિષ્યની ખેતી – શ્રી અન્ન'' વિષય અંગે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં કૃષિમંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ કર્યો છે. તેમના આ સંકલ્પને પૂર્ણ કરવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. ગુજરાત અને દેશના સર્વાંગી વિકાસમાં કૃષિકારોનો બહુમૂલ્ય ફાળો છે. રાજ્ય સરકારે કૃષિ વ્યવસાયને હંમેશા અગ્રિમતા આપી છે. ગુજરાત રાજ્ય અત્યારે દેશ અને દુનિયા માટે એક મોડેલ તરીકે ઉભરી રહ્યુ છે. રાજ્યમાં કૃષિ ક્ષેત્રે ખેડુતોના હિતાર્થે કરવામાં આવેલ સકારાત્મક નિર્ણયોની ફળશ્રુતિ રૂપે છેલ્લા બે દાયકા જેટલા સમયમાં રાજયના કૃષિ વિકાસે પ્રગતિની હરણ ફાળ ભરી છે, જેની સમગ્ર વિશ્વમાં સરાહના થઈ રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ સેમિનાર ફ્યુચર એગ્રીકલ્ચર તેમજ શ્રીઅન્ન આધારિત છે. જે આગામી સમય માં ખેડૂતલક્ષી યોજનાઓ બનાવવામાં અને તેનો અમલ કરવામાં ઉપયોગી નિવડશે. મુખ્ય સચિવશ્રી રાજકુમારે જણાવ્યું હતું કે, અમૃતકાળમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે કૃષિ ક્ષેત્રે ઉત્પાદકતા વધારવા પર વધુ ધ્યાન આપવું પડશે. જેના માટે બદલાતા પર્યાવરણમાં ભવિષ્યના પડકારોનો સામનો કેવી રીતે કરી શકાય તે વિશે આજના સેમિનારમાં ચર્ચા કરવામાં આવી છે. જે દિશામાં આગામી સમયમાં સરકાર દ્વારા પ્રયત્નો કરાશે. ખેડૂતોની આવક વધારવા ખેતીને એક બિઝનેસ મોડલ તરીકે વિચારીને તેનું માર્કેટિંગ કરવું પડશે. અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશે બદલાતા હવામાનમાં ભવિષ્યમાં કૃષિ ક્ષેત્રે આવનારા પડકારો સામે કેવી રીતે લડત આપી શકાય તે વિશે જણાવ્યું હતું કે, હાલના સમયમાં ક્લાઈમેટ ચેન્જ મોટો પડકાર છે. આવી પરિસ્થિતીમાં કૃષિ ક્ષેત્રે રોજ નવા પડકારોનો સામનો કરવા માટે પ્રાકૃતિક કૃષિ મહત્વનું યોગદાન આપશે.

કૃષિમાં નવી ટેક્નોલોજીમાં વર્મી કંપોઝડ, સસ્ટેનેબલ ઈન્પુટ, ટ્રેલીસ સિસ્ટમ, હોર્ટીકલ્ચર, જમીન તથા પાણી ચકાસણી, લેસર ઈરીગેશન જેવી વિવિધ પદ્ધતિઓ અપનાવામાં આવશે. આ સેમિનારમાં NCCSD ના ચેરમેન શ્રી કિરીટ શેલતે ભવિષ્યની ખેતી બાબતે જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે બદલાતા હવામાન સાથે ખેતીમાં પરિવર્તન લાવવું જરૂરી છે. જેના માટે પ્રાકૃતિક કૃષિ, શ્રી અન્ન, ખેતીમાં સોલર ઊર્જાનો ઉપયોગ, પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ અને દરેક ટીપાનો સંગ્રહ જેવી બાબતોમાં વધુ ધ્યાન કેન્દ્રીત કરવું પડશે. ભારતે જો ૨૦૪૭ માં વિકસિત રાષ્ટ્ર બનવાનો સંકલ્પ પરિપૂર્ણ કરવો હશે તો ઊર્જા અને કૃષિ જે અર્થતંત્રના મુખ્ય આધારભૂત પરિબળો છે તેમાં આત્મનિર્ભર બનવું પડશે. આ સેમિનારમાં જૂનાગઢ અને નવસારી કૃષિ યુનિવર્સીટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી ડૉ. એ. આર. પાઠક ફર્ફી અને એક્સેલઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી અશ્વિનભાઈ શ્રોફ, NTPC મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટના ડૉ. ગોપિચંદ્રન હાજર રહ્યા હતા.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વિધાનસભા ખાતે સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ તૈયબજીની જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી

રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ અધિકારી કર્મચારીઓએ પણ પુષ્પ અર્પણ કર્યા

કમલમ્ ન્યુઝ,
સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ શમશુદ્દીન તૈયબજીની જન્મ જયંતી નિમિત્તે તા.૦૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ગુજરાત વિધાનસભા ખાતે પોડિયમમાં સ્થિત તેમના તૈલચિત્રને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સ્વ. શ્રી તૈયબજીનો જન્મ તા.૧ લી ફેબ્રુઆરી ૧૮૫૪ના રોજ વડોદરા ખાતે થયો હતો. અભ્યાસ વડોદરા લઈ લંડન જઈને બેરિસ્ટર બન્યા હતા અને સયાજીરાવ ગાયકવાડ સરકારમાં તેઓશ્રી ચીફ જસ્ટિસ બન્યા હતા. ગાંધીજીના વફાદાર વ્યક્તિ હતા. તિલક સ્વરાજ્ય ફંડની ઉઘરાણી અંગે પણ સૌથી વધુ ફંડ ઉઘરાવી તેઓ પ્રથમ રહ્યા હતા. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર, ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત, શિક્ષણ રાજય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા, સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી શ્રી ભિખુસિંહજી પરમાર, ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લ, નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ/કર્મચારીઓએ ઉપસ્થિત રહીને શ્રી તૈયબજીના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

કેન્દ્રીય મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને 'વિકસિત ભારત'નાં વિઝનને સાકાર કરવા અમૃત કાળ કર્તવ્ય કાળ હોવો જોઈએ એ વાત પર ભાર મૂકયો

વર્ષ ૨૦૧૪ અગાઉનાં યુગનાં દરેક પડકારોને આર્થિક વ્યવસ્થાપન અને સુશાસન મારફતે પાર પાડવા: નાણાં મંત્રી

સરકાર જુલાઈમાં પૂર્ણ બજેટમાં 'વિકસિત ભારત'ને અનુસરવા માટે એક વિસ્તૃત રોડમેપ રજૂ કરશે

ઝડપી વસ્તી વૃદ્ધિ અને વસ્તી વિષયક ફેરફારોના પડકારોનો સામનો કરવા માટે ઉચ્ચ-સંચાલિત સમિતિ

પૂર્વીય ક્ષેત્ર અને તેના લોકોને ભારતના વિકાસનું શક્તિશાળી ચાલકબળ બનાવવા માટે સરકાર સૌથી વધુ ધ્યાન આપશે

સરકાર મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ અને બ્લોક્સના ઝડપી વિકાસમાં રાજ્યોને સહાય કરશે, જેમાં પર્યાપ્ત આર્થિક તકોનું સર્જન સામેલ છે: કેન્દ્રીય નાણાં મંત્રી

કમલમ્ ન્યુઝ,
આજે સંસદમાં વચગાળાનું બજેટ ૨૦૨૪-૨૦૨૫ રજૂ કરતી વખતે, કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના પ્રધાન, શ્રીમતી નિર્મલા સીતારામને પ્રધાનમંત્રી, શ્રી નરેન્દ્ર મોદીના પરિવર્તનશીલ નેતૃત્વ અને ભારતની પ્રગતિ પર તેની અસર પર ભાર મૂક્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે 'વિકિસિત ભારત'ના વિઝનને સાકાર કરવા માટે અમૃત કાળ કર્તવ્ય કાળ હોવો જોઈએ.

કર્તવ્ય કાળ તરીકે અમૃત કાળ

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકાર ઊંચી વૃદ્ધિ સાથે અર્થતંત્રને મજબૂત અને વિસ્તૃત કરવા તથા લોકો તેમની આકાંક્ષાઓ પૂર્ણ કરે તેવી સ્થિતિનું સર્જન કરવા કટિબદ્ધ છે. શ્રીમતી સીતારામને આપણાં પ્રજાસત્તાકનાં ૭૫માં વર્ષમાં સ્વતંત્રતા દિવસનાં રોજ રાષ્ટ્રને કરેલા સંબોધનમાંથી પ્રધાનમંત્રીને ટાંક્યાં હતાં અને કહ્યું હતું કે, "આપણે નવી પ્રેરણાઓ, નવી ચેતના, નવા સંકલ્પો સાથે રાષ્ટ્રીય વિકાસ માટે આપણી જાતને પ્રતિબદ્ધ કરીએ છીએ, કારણ કે દેશ અપાર સંભાવનાઓ અને તકો ખોલે છે." તેણે કહ્યું કે તે ખરેખર આપણો 'કર્તવ્ય કાળ' છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ અગાઉનાં યુગનાં દરેક પડકારનો સામનો આર્થિક વ્યવસ્થાપન અને સુશાસન મારફતે થયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "તેનાથી દેશ સતત ઊંચી વૃદ્ધિના મક્કમ માર્ગે અગ્રેસર થયો છે. આ અમારી યોગ્ય નીતિઓ, સાચા ઈરાદાઓ અને યોગ્ય નિર્ણયો દ્વારા શક્ય બન્યું છે." શ્રીમતી સીતારામને એમ પણ કહ્યું હતું કે, "જુલાઈમાં પૂર્ણ બજેટમાં અમારી સરકાર 'વિકસિત ભારત'ની અમારી શોધ માટે એક વિસ્તૃત રોડમેપ પ્રસ્તુત કરશે."

'વિકસિત ભારત' માટે રાજ્યોમાં સુધારા

મંત્રીએ નોંધ્યું હતું કે 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા માટે રાજ્યોમાં ઘણા વિકાસ અને વિકાસને સક્ષમ કરતા સુધારાની જરૂર છે. આ સંદર્ભમાં, તેણીએ રાજ્ય સરકારો દ્વારા તે સીમાચિહ્ન સાથે જોડાયેલા સુધારાઓને સમર્થન આપવા માટે પચાસ વર્ષની વ્યાજમુક્ત લોન તરીકે ૭૫ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરી.

ઝડપી વસ્તી વધારાથી ઉદ્ભવતા પડકારો પર વિચાર કરશે ઉચ્ચ સ્તરીય સમિતિ

શ્રીમતી સીતારમને જણાવ્યું હતું કે ઝડપથી વસ્તી વૃદ્ધિ અને વસ્તી વિષયક ફેરફારોને કારણે ઉદ્ભવતા પડકારોની વિસ્તૃત વિચારણા માટે સરકાર ઉચ્ચ સત્તા ધરાવતી સમિતિની રચના કરશે. તેમણે ઉમેર્યું હતું કે, આ સમિતિને 'વિકસિત ભારત'ના ધ્યેયના સંબંધમાં વ્યાપકપણે આ પડકારોનો સામનો કરવા માટે ભલામણો કરવાની ફરજ પાડવામાં આવશે.

મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને બ્લોક્સનો વિકાસ

શ્રીમતી નિર્મલા સીતારામને કહ્યું હતું કે, 'મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ' મારફતે સરકાર મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ અને બ્લોક્સના ઝડપી વિકાસમાં રાજ્યોને મદદ કરવા તૈયાર છે, જેમાં પર્યાપ્ત આર્થિક તકોનું સર્જન સામેલ છે.

પૂર્વનો વિકાસ

પૂર્વના વિકાસ પર સરકારના ધ્યાન કેન્દ્રિત કરવા પર ભાર મૂકતા, કેન્દ્રીય નાણાં પ્રધાને એમ પણ કહ્યું હતું કે, સરકાર પૂર્વ વિસ્તાર અને તેની જનતાને ભારતના વિકાસનું શક્તિશાળી ચાલકબળ બનાવવા માટે ખૂબ જ ધ્યાન આપશે.

આર.એસ. 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા રાજ્યોને ૫૦ વર્ષના મૂલ્યની ૭૫,૦૦૦ કરોડ રૂપિયાની વ્યાજમુક્ત લોન

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028